# દેશની અર્થવ્યવસ્થા ચિંતાજનક

નવી દિલ્હી, તા. ૨૫

વૈશ્વિક રેટિંગ સંસ્થા સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ (એસએન્ડ પી)એ આજે દેશની બગડી રહેલી આર્થિક હાલત વચ્ચે રેટિંગ ઘટાડી દેતા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. એસએન્ડપીએ ભારતના આઉટલુક સ્થિરથી ઘટાડીને નેગેટિવ કરી દેતા સંબંધિત ક્ષેત્રોમાં ભારે દહેશત ફેલાઇ ગઇ છે. રેટિંગ સંસ્થાએ ભારતના આઉટલુકને નેગેટિવ બીબીબી- કરવાનો નિર્ણય કર્યો છે. એસએન્ડપીએ કહ્યું છે કે ભારતમાં મુડીરોકાણ અને વિકાસની ગતિ ધીમી થઇ રહી છે. સરકારને આર્થિક સુધારાઓના મામલે નિર્ણય લેવામાં પરેશાનીનો સામનો કરવો પડી શકે છે. એસએન્ડપીએ કહ્યું છે કે વેપાર ખાદ્ય વધવા, વિકાસની ગતિ ધીમી પડવા અને આર્થિક સુધારાઓની દિશામાં આગળ વધવા માટે પગલા નહી લેવા બદલ ભારતને ડાઉનગ્રેડ કરવામાં આવી શકે છે. પરંતુ જો સરકાર નાણાંકીય ખાદ્યને ઘટાડવા માટે જરૂરી પગલા લે છે તો રેટિંગમાં સુધારો કરવામાં આવી શકે છે. એસએન્ડપી માને છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૩માં જીડીપીનો દર ૫.૩ ટકા રહી શકે છે. પૂર્વ નાણાં પ્રધાન યશવંતસિંહાએ કહ્યું છે કે રેટિંગ એજન્સીના ગ્રેડિંગને વધારે મહત્વ આપવુ યોગ્ય નથી. પરંતુ એસએન્ડપીએ દેશનુ વાસ્તવિક ચિત્ર રજૂ કર્યું છે. પૂર્વ નાણાંસચિવ એસ નારાયણે કહ્યું છે કે દેશની નાણાંકીય ખાદ્ય ખુબ વધારે છે અને વહેલી તકે આર્થિક સુધારા થાય તેવા કોઇ સંકેત દેખાઇ રહ્યા નથી. આગામી ૬-૮ મહિનામાં સ્થિતી વધુ વણસે તેવી શકયતા છે. આનાથી રોકાણકારોને નકારાત્મક સંદેશા મળી રહ્યા છે. સીએમઆઇઇના મહેશ વ્યાસે કહ્યું છે કે એસએન્ડપીના આઉટલુકનો નેગેટિવ કરવાથી દેશની આર્થિક સ્થિતી પર કોઇ અસર થશે નહી. વર્ષ ૨૦૧૩માં ચાર લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવે તેવી શક્યતા છે. એસએન્ડપીના તારણો ચોંકાવનારા છે. એસએન્ડપીના જીડીપી અંદાજ પણ ચોંકાવનારા છે. આઇકેન ઇન્વેસ્ટમેન્ટના અનિલ સિંઘવીએ કહ્યું છે કે વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઇને આગામી ૮-૧૨ મહિનામાં અર્થતંત્રમાં સુધારો થવાની શક્યતા દેખાઇ રહી નથી. અન્ય જુદી જુદી સંસ્થાઓએ પણ તેમની પ્રતિક્રિયા આપી છે. રેટિંગ ઘટવાને લઇને અન્ય ઘણી ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## રેટિંગ ઘટાડાને લઇ ચિંતાની કોઇ જરૂર નથી : પ્રણવ

નવી દિલ્હી,તા. ૨૫

રેટિંગ સંસ્થા એસએન્ડપીએ ભારતના રેટિંગમાં ઘટાડો કર્યા બાદ નાણાં પ્રધાન પ્રણવ મુખરજીએ તેમની પ્રાથમિક પ્રતિક્રિયા આપી હતી.પ્રણવે કહ્યું હતું કે ભારતના આઉટલુકને નેગેટિવ કરવામાં આવ્યા બાદ આને લઇને ચિંતાની કોઇ જરૂર નથી. પ્રણવ મુખરજીએ કહ્યું છે કે એસએન્ડ પીએ આઉટલુકમાં ઘટાડો કર્યો નથી બલ્કે સુધારો કર્યો છે. તેમણે કહ્યું હતું કે જ્યારે મોટા ભાગના દેશોના રેટિંગમાં ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. પ્રણવ મુખરજી નક્કરપણે માને છે કે આર્થિક સુધારાઓમાં વિલંબ થઇ રહ્યો છે. સાથે સાથે વિકાસની ગતિ પણ ધીમી પડી છે. જો કે પ્રણવે ખાતરી આપી હતી કે સરકાર બનતા તમામ પ્રયાસો અર્થવ્યવસ્થાને પાટા પર લાવવા માટે કરી રહી છે. નાણામંત્રીએ દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૩ના જીડીપી અને નાણાંકીય ખાદ્યના લક્ષ્યને હાંસલ કરી લેવામાં સફળતા મળશે. જો કે દેશના નિષ્ણાંતો આ મામલે સહમત દેખાઇ રહ્યા નથી. પ્રણવ મુખરજીએ કહ્યું છે કે પરિસ્થિતી ચોક્કસપણે મુશ્કેલ અને પડકારરૂપ છે. પરંતુ તમામ પડકારને પહોંચી વળવા માટે સરકાર કટિબદ્ધ છે.અત્રે ઉલ્લેખનીય છે કે મુડીએ ડિસેમ્બર મહિનામાં ભારત માટે સ્થિર આઉટલુક જારી કરતા આંશિક રાહત થઇ હતી.રેટિંગ સંસ્થા માને છે કે બેંક અને વીમા કંપનીઓમાં વિદેશી ભાગીદારીને વધુ વધારવામાં આવે તો સ્થિતીમાં સુધારો થવાની શક્યતા રહેલી છે. રેટિંગમાં ઘટાડો થતા તેની અર્થવ્યવસ્થા પર કોઇ અસર થશે નહી તેવો મત પણ કેટલાક નિષ્ણાતો વ્યક્ત કરી ચુક્યા છે.

## હેલિકોપ્ટર સોદાબાજીમાં કુલ ૩૫૦ કરોડની કટકી

નવી દિલ્હી, તા. ૨૫

ઈટાલીમાં સરંક્ષણ સોદાબાજીમાં થયેલા કૌભાંડમાં તપાસ ચાલી રહી છે. હવે આ તપાસ ભારત સુધી પહોંચી છે. ઈટાલીની એક કંપની અગસ્ટા વેસ્ટલેન્ડ ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો છે કે વીવીઆઈટીના ઉપયોગ માટે ભારતને વેચવામાં આવેલા ૧૨ હેલિકોપ્ટરમાંથી કંપનીએ ૩૫૦ કરોડ રૂપિયાથી વધુની કટકી આપી હતી. કંપની ૩૫૪૬ કરોડ રૂપિયામાં ભારતને ૧૨ હેલિકોપ્ટર આપનાર છે. ઈટાલીના લોકપ્રિય અખબાર લા રિપબ્લિકા સહિતના ઘણા મુખ્ય અખબારોએ જણાવ્યું છે કે તપાસકારોએ આ સંબંધમાં સ્વિત્ઝરલેન્ડના નિષ્ણાંત ગિડો રાલ્ફ હાસ્કેની સ્વિસ ઓફિસ ઉપર દરોડા પાડ્યા છે. સમગ્ર મામલા અંગેની ચોકાવનારી માહિતી તે વખતે સપાટી ઉપર આવી જ્યારે હેલિકોપ્ટર કંપનીના એક પૂર્વ ટોચના અધિકારીએ કહ્યું હતું કે ભારત સાથે સોદાબાજી કરવા માટે તેઓને જવાબદારી સોંપવામાં આવી હતી. ૬૨ વર્ષીય હાસ્કે ભારતીય ડિફેન્સ બિઝનેસ સર્કલમાં લોકપ્રિય છે. સામાન્ય રીતે તેઓ ભારત આવે છે. ભારતમાં સરંક્ષણ ક્ષેત્રની કામગીરીથી પણ તેઓ વાકેફ છે. સેબીના રેકોર્ડ મુજબ હાસ્કે વર્ષ ૨૦૦૯માં એમાર એમજીએફના બોર્ડ ઓફ ડિરેક્ટરમાં પણ હતા. અલ્બત મોડેથી તેઓએ અંગત કારણોસર ડિરેકટર પદેથી રાજીનામું આપી દીધું હતું. હાસ્કે પાસે અમેરિકા અને સ્વિત્ઝરલેન્ડ બંનેની નાગરિકતા છે. ફેબ્રુઆરી ૨૦૧૦માં બોલાયેલી બોલીમાં વેસ્ટલેન્ડ એડબલ્યુ ૧૦૧ હેલિકોપ્ટરે સિકોર્સિકીના એસ-૯૨ સુપર હોક હેલિકોપ્ટરને પછડાટ આપી હતી. ૧૨ હેલિકોપ્ટરે વડાપ્રધાન, રાષ્ટ્રપતિ બીજા વીવીઆઈપી લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવનાર છે. આ હેલિકોપ્ટરો આગામી વર્ષે ભારતને મળશે.

## વિપ્રોના નફામાં ૭.૭ ટકાનો વધારો

મુંબઇ,તા. ૨૫

આઇટીની મોટી કંપની વિપ્રોના ચોથા ત્રિમાસિક ગાળામાં નફો આજે ૭.૭ ટકા સુધી વધી ગયો હતો. આની સાથે જ નેટ નફો વધીને ૩૧મી માર્ચના દિવસે પુરા થયેલા ચોથા ત્રિમાસિક ગાળામાં ૧૪૮૧ કરોડ થઇ ગયો છે.




કંપનીએ વર્ષ ૨૦૧૦-૧૧માં જાન્યુઆરી-માર્ચના ત્રિમાસિક ગાળામાં નેટ નફો ૧૩૭૫.૪ કરોડ હતો. આ ત્રિમાસિક ગાળામાં કુલ આવક ૧૮.૮૪ ટકા વધીને ૯૮૩૬.૩૦ કરોડ થઇ ગઇ છે. જે એક વર્ષ પહેલાના ગાળામાં ૮૨૭૬.૩ કરોડ હતી. માર્ચ ૨૦૧૨માં પુરા થયેલા વર્ષ માટે વિપ્રોએ તેના નેટ નફામાં ૫.૧ ટકાનો વધારો કર્યો છે. આની સાથે જ આ આંકડો વધીને ૫૫૭૩ કરોડ થઇ ગયો છે. જે વર્ષ ૨૦૧૦-૧૧માં ૫૨૯૭.૭ કરોડ હતો. વિપ્રોની તેની સ્થિતીને સુધારવાના સતત પ્રયાસો કર્યા છે. વિપ્રોએ દાવો કર્યો છે કે આ ત્રિમાસિક ગાળામાં ૪૧ નવા કસ્ટમરો ઉમેરાયા છે.

## ભારતીય વિદ્યાર્થી અંગે નીતિ બદલાઇ જ નથી : અમેરિકા

વોશિંગ્ટન,તા. ૨૫

અમેરિકાએ હાલમાં પ્રવર્તી રહેલી અનેક ગૂંચવણને દુર કરી આજે ખુલાસો કર્યો હતો કે ભારતીય વિદ્યાર્થીઓને વીઝા જારી કરવા માટેની નિતીમાં તેના દ્વારા કોઇ ફેરફાર કરાયા નથી. વીઝા નિતીમાં ફેરફાર અંગેના અહેવાલ પાયાવગરના છે. વોશિંગ્ટનમાં દૈનિક પત્રકાર પરિષદમાં વિદેશ વિભાગના પ્રવકતા વિકટોરિયા નુલેન્ડે કહ્યું હતું કે અમે અમારી નિતીમાં કોઇ ફેરફાર કર્યો નથી. અરજીદારોના જે રીતે ઇન્ટરવ્યુ કરી રહ્યા છી તેમા કોઇ ફેરફાર કરાયો નથી. તેમણે વધુમાં કહ્યું હતુ કે સ્પોન્સરિંગ સંસ્થાઓ જે વાત કરી રહી છે તે રીતે જ સમગ્ર પ્રક્રિયા ચાલી રહી છે. હાલમાં એવા મામલા પણ સપાટી પર આવ્યા છે જેમાં શિક્ષણ માટે પહોંચેલા વિદ્યાર્તીઓને નોકરી પણ આપવામાં આવી રહી છે. નુલેન્ડે કહ્યું હતું કે અમેરિકા અહીં રહેલી વ્યવસ્થાની જેમ ભારતમાં કોમ્યુનિટી કોલેજ શરૂ કરવાની હાલમાં હાથ ધરવામાં હિલચાલનું સ્વાગત કરીએ છીએ.

ગયા સપ્તાહમાં પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ અને જમ્મુ કાશ્મીરના શિક્ષણ પ્રધાનોએ કેટલાક અમેરિકી શહેરોની મુલાકાત લીધી હતી અને લોકોએ અહીં કોમ્યુનિટી કોલેજમાં રહેલી સ્થિતીની સમીક્ષા કરી હતી. અહીં રહેલા પાસાઓમાં ચકાણી કરવામાં આવી હતી. નુલેન્ડે વધુમાં કહ્યું હતું કે અમે દેખીતી રીતે જ આવી હિલચાલને ટેકો આપીએ છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં આર્થિક મંદી અનો બેરોજગારીના પરિણામે અમેરિકાએ કેટલાક સંરક્ષણના પગલા લીધા છે. અમેરિકામાં ઓબામા વહીવટીતંત્રે દેશમાં વધારે સ્થાનિક લોકોને નોકરી આપનાર કંપનીઓને અનેક ટેક્સ રાહત આપવાની વાત કરી હતી. સાથે સાથે નોકરીના આઉટસોર્સિંગ કરતી કંપનીઓ પર સંકજો જમાવવાની પણ તૈયારી કરી છે. અમીર લોકો પર વધુ ટેક્સની હિલચાલ પણ હાલ ચાલી રહી છે.

## ઝીણા હિક્કાને છોડી મૂકવાનો અંતે નિર્ણય

ભુવનેશ્વર, ૨૫

માઓવાદીઓએ અપહરણ કરવામાં આવેલા ઓરિસ્સાના ધારાસભ્ય ઝીણા હિક્કાને છોડી મૂકવાનો નિર્ણય કર્યો છે. બળવાખોરોના વકીલ દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે માઓવાદીઓની પ્રજા કોર્ટમાં ઝીણા હિક્કાને છોડી મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બીજેડીના ધારાસભ્યને આવતીકાલે સવારે ૧૦ વાગે મુક્ત કરવામાં આવશે. ઝીણા હિક્કાનું ૨૪મી માર્ચના દિવસે માઓવાદીઓ દ્વારા અપહરણ કરી લેવામાં આવ્યું હતું. અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે આશરે એક મહિનાથી માઓવાદીઓના સંકંજમાં રહેલા ઝીણા હિક્કાની એકાએક છોડી મૂકવાનો નિર્ણય લેવાયો છે. ૩૭ વર્ષીય લક્ષ્મીપુરના ધારાસભ્યને છોડી મૂકવા પાછળના નિર્ણય માટે ઘણા કારણોને જવાબદાર ગણવામાં આવે છે. કોરાપુત જિલ્લામાં કોઈ જગ્યાએ ઝીણા હિક્કાને મુક્ત કરવામાં આવશે. રાજ્ય સરકારે ધારાસભ્યને છોડી મૂકવાના બદલામાં માઓવાદીઓની તમામ માગ હજુ સુધી સ્વીકારી નથી. બીજી બાજુ સુકમા જિલ્લાના કલેક્ટરને છોડી મૂકવાને લઈને હજુ સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. છતીસગઢમાં સુકમા જિલ્લાના કલેક્ટરનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું.

## કસાબની અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

નવી દિલ્હી,તા. ૨૫

મુંબઈમાં ભીષણ ત્રાસવાદી હુમલાના કેસમાં ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી પાકિસ્તાની ત્રાસવાદી મોહમ્મદ અજમલ અમીર કસાબની અરજી પર સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. કસાબે તેને અપરાધી ઠેરવી ફટકારવામાં આવેલી મૃત્યુદંડની સજાને પડકાર ફેંકીને અપીલ કરી હતી. જસ્ટીસ આફતાબ અલમ અને કેસી પ્રસાદની બનેલી બેંચે અઢી મહિના સુધી ચાલેલી લાંબી સુનાવણી બાદ તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. આ ગાળા દરમિયાન પ્રોસિક્યુશન અને ડિફેન્સ વકીલ દ્વારા જોરદાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. મુંબઈમાં કરવામાં આવેલા ભીષણ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. કસાબ અને અન્ય સાથી ત્રાસવાદીઓએ મુંબઈમાં ભારે આતંક મચાવ્યો હતો. દલીલ દરમિયાન કસાબે ભારપૂર્વક કહ્યું હતું કે તેની સામે નિષ્પક્ષ અને વાજબી ટ્રાયલ ચાલી નથી. દેશ સામે યુદ્ધ છેડવાના મોટા કાવતરાના ભાગરૂપે તે ન હતો. કસાબે કહ્યું હતું કે



પ્રોસિક્યુશન શંકા સિવાય તેની સામે કેસ સાબિત કરવામાં નિષ્ફળ છે. કસાબે બેંચને કહ્યું હતું કે ટ્રાયલ દરમિયાન કેસમાં પોતાના બચાવના અધિકારોનો ભંગ કરવામાં આવ્યો છે. તેને અપરાધી જાહેર કરવા અને મૃત્યુદંડની સજા કરવાના ચુકાદાને પડકાર ફેંકીને કસાબે જેલમાંથી અપીલ કરી હતી. સુપ્રીમ કોર્ટે કસાબ તરફથી દલીલ કરવા માટે એમિકસક્યુરી તરીકે વરિષ્ઠ વકીલ રાજુ રામચન્દ્રણની નિમણૂંક કરી હતી. ભૂતપૂર્વ સોલિસિટર જનરલ ગોપાલ સુબ્રમણયમ અને સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ઉજ્જવલ નિકમે અગાઉ બેંચને કહ્યુંહતું કે ખુબ જ ગણતરીપૂર્વક આ હુમલો કરવામાં આવ્યો હતો. દેશમાં કોમવાદી હિંસા ફેલાવવાનો પણ હેતુ હતો.

સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૧૦મી ઓક્ટોબરના દિવસે કસાબની મૃત્યુદંડની સજા પર સ્ટે મુકી દીધો હતો. મુંબઈ હાઈકોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કસાબે ખાસ અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે કસાબને ફટકારવામાં આવેલી સજાને યોગ્ય ઠેરવી હતી. કસાબ હાલમાં મુંબઈની આર્થર રોડ જેલમાં છે. કસાબ અને અન્ય નવ ત્રાસવાદીઓએ ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે દક્ષિણ મુંબઈમાં આવી પહોંચ્યા બાદ હુમલો કર્યો હતો.

## મુંબઈ-અમદાવાદ વચ્ચે ટૂંકમાં ડબલ ડેકર એસી ટ્રેન શરૂ થશે

મુંબઈ, ૨૫

મુંબઈ-અમદાવાદ વચ્ચે ખૂબ જ આરામદાયક ડબલ ડેકર એરકન્ડીશન્ડ ટ્રેન જૂન સુધી શરૂ થઈ જાય તેવી શકયતા છે. એસી ડબલ ડેકર ટ્રેનમાં પ્રવાસ કરવા માટે તૈયારી કરી લેવા યાત્રીઓને સલાહ પણ આપી દેવામાં આવી છે. શતાબ્દીના કોચ કરતા ડબલ ડેકર એસી ચેર કાર ૭૦ ટકા વધુ યાત્રીઓને લઈ જવા સક્ષમ હશે. રૂટ ઉપર પ્રથમ ટ્રાયલ રનની શરૂઆત થઈ ચૂકી છે. રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) દ્વારા આ મહિનાથી સંપૂર્ણપણે એસી ડબલ ડેકરના ટ્રાયલની શરૂઆત કરવામાં આવશે. જો તમામ બાબતો યોજના પૂર્વક આગળ વધશે તો ટૂંક સમયમાં જ બંને શહેરો વચ્ચે એસી ડબલ ડેકર ટ્રેન ટ્રેક ઉપર આવી જશે અને લોકોને આની મજા માણવાની તક આપશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ચેર કારમાં સ્ટેનલેસ સ્ટીલની બોડી હશે. આમા કંટ્રોલ ડિસ્ચાર્જ ટોઈલેટ સિસ્ટમ હશે. આ ઉપરાંત વધુ સારી ગુણવત્તાની સાથે એર સ્પ્રીંગ સાથે હાઈ સ્પીડ ડિઝાઈનના ડબ્બાઓ હશે. વરિષ્ઠ અધિકારીઓએ માહિતી આપતા જણાવ્યું છે કે આ ટ્રેન એક સપ્તાહમાં છ દિવસ દોડાવવામાં આવશે. રવિવારના દિવસે આને દોડાવવામાં આવશે નહીં. દરેક કોચમાં પેસેન્જરની ક્ષમતા ૧૨૦ની રાખવામાં આવશે જે પૈકી ૭૦ યાત્રી નીચલા ફ્લોર ઉપર રહેશે. આ ટ્રેનને બોરીવલી, ભરૂચ, સુરત, આણંદ અને વડોદરા ખાતે રોકવામાં આવશે. આ ટ્રેન મંગળવારના દિવસે મુંબઈ સેન્ટ્રલ પર અમદાવાદથી આવી પહોંચી હતી. સુપર ફાસ્ટ એસી ડબલ ડેકર ટ્રેન મૂળભૂત રીતે ફેબ્રુઆરી ૨૦૧૧થી દોડાવાની યોજના હતી પરંતુ ડિઝાઈનને લઈને કેટલીક ગૂંચવણ ઊભી થતા આ બાબત શક્ય બની શકી ન હતી. આવી જ હાવડા-ધનબાદ ટ્રેન ઉપર ટ્રાયલ બાદ ડિઝાઈનમાં સુધારા કરવામાં આવ્યા હતા. સાથે સાથે ઘણા સ્ટેશન પર પ્લેટફોર્મની સપાટીને પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. આરડીએસો દ્વારા આની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે જ્યારે કપૂરથલા ખાતેની રેલ કોચ ફેક્ટરીમાં આ ટ્રેન તૈયાર કરવામાં આવી છે.

ડબલ ડેકન કોચની પહોળાઈ હાવડા-ધનબાગ રૂટ ઉપર ૩૧૨૩ એમએમ છે. ડિઝાઈન મોડીફિકેશનમાં રેલવે દ્વારા કોચની પહોળાઈને ઘટાડવાનો પ્રયાસ કરાયો હતો. આ ટ્રેનની ગતિ ૮૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકથી લઈ ૧૩૦ કિલોમીટર પ્રતિકલાકની રહેશે. મહિના સુધી ટ્રાયલ અને રૂટ ટ્રાયલની પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યા બાદ તમામ ગણતરી રેલવે સેફટીના કમિશનરને આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વેસ્ટન રેલવે પહેલાંથી જ મુંબઈ સેન્ટ્રલ અને સુરત વચ્ચે પહેલાંથી જ ફલાઈંગ રાની ડબલ ડેકન સર્વિસ ચલાવે છે. પરંતુ કોચ એસી નથી. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે ફલાઈંગ રાનીની જેમ જ એસી ડબલ ડેકનના અનુભવ પણ આરામ દાયક રહેશે. વેસ્ટન રેલવે મુંબઈ અને અમદાવાદ વચ્ચે ૨૫ સર્વિસ ધરાવે છે. આનાથી યાત્રીઓનો ધસારો પણ ઘટશે.

## નિકોબારમાં ૫.૮ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

નવી દિલ્હી,તા. ૨૫

નિકોબાર દ્વિપમાં આજે બપોરે ૫.૮ની તીવ્રતાનો પ્રચંડ ધરતીકંપનો આંચકો આવ્યો હતો. ભારતીય ભૂકંપ સાથે સંબંધિત વિભાગ (આઈએમડી)ના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે આંચકો બપોરે ૧.૧૨ વાગે અનુભવાયો હતો. આંચકો અનુભવ્યા બાદ લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. અધિકારીએ વધુમાં કહ્યું હતું કે રિક્ટર સ્કેલ પર મધ્યમ તીવ્રતાનો આંચકો આવ્યા બાદ તંત્રમાં પણ ભાગદોડ જોવા મળી હતી. જો કે આ આંચકાના કારણે નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. તાજેતરના સમયમાં ધરતીકંપના અનેક આંચકા દેશના અનેક ભાગોમાં નોંધાયા છે.

## બોફોર્સ કાંડમાં અમિતાભ બચ્ચનને ક્લીન ચીટ



નવી દિલ્હી, તા. ૨૫

૨૫ વર્ષના લાંબાગાળા બાદ બોફોર્સ કૌભાંડનું ભૂત ફરી ધુણી રહ્યું છે. અઢી દશકોના લાંબાગાળા સુધી પોતાની ઓળખ છુપાવી રાખનાર સ્વીડરના પૂર્વ પોલીસ અધિકારી સ્ટેન લિંડસ્ટ્રોમે કહ્યું છે કે બોફોર્સ કૌભાંડમાં ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની સામે લાંચ લેવાના કોઈ પુરાવા નથી પરંતુ તેઓએ ઈટાલિયન વેપારી ઓટ્ટાવિયો ક્વાત્રોચીને બચાવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું છે કે ઈટાલિયન વેપારી ક્વાત્રોચીની સામે નક્કર પુરાવા હતા પરંતુ તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ ક્વાત્રોચીને બચાવવાના પ્રયાસ કર્યા હતા. બોફોર્સમાં રાજીવ ગાંધી અને અમિતાભ બચ્ચનને ક્વીન ચીટ આપી દેવામાં આવી છે. તેમણે કહ્યું છે કે મામલાની તપાસ કરી રહેલા અધિકારીઓ ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનનું નામ આ મામલામાં જાણી જોઈને જોડી દીધુંહતું. સ્ટેને પ્રથમ વખત આ અંગેનો ખુલાસો કર્યો છે કે ભારતમાંથી પ્રકાશિત થનાર અગ્રણી અંગ્રેજી અખબારના પત્રકાર ચિત્રા સુબ્રમણયમને ૧૯૮૭માં તેઓએ જ આના સાથે સંબંધિત દસ્તાવેજો આપ્યા હતા. ત્યારે પ્રથમ વખત ચિત્રા સુબ્રમણયમે એવો પર્દાફાશ કર્યો હતો કે બોફોર્સ તોપ સોંદાબાજીની ખરીદીમાં ઘણા લોકોને લાંચ આપવામાં આવી હતી પરંતુ એ વખતે તમામ લોકો એવું જાણવા ઈચ્છતા હતા કે આ માહિતી આપનાર વ્યક્તિ કોણ છે. હવે ૨૫ વર્ષના ગાળા બાદ સ્ટેને આ બાબતનો ખુલાસો કર્યો છે કે અગ્રણી અખબારના પત્રકારને માહિતી આપનાર તેઓ પોતે હતા. લિંડસ્ટ્રોમે એક વખતે ચિત્ર સુબ્રમણયમને ઈન્ટરવ્યૂહ આપ્યું હતું જે વેબસાઈટ ઉપર પ્રકાશિત કરવામાં આવ્યું હતું.

તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ બોફોર્સ કૌભાંડમાં કોઈ લાંચ લીધી ન હતી પરંતુ તેઓએ એવો ચોકાવનારો ખુલાસો કર્યો છે કે રાજીવ ગાંધીએ આ કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર ઓટ્ટાવિયો ક્વાત્રોચીને બચાવવાના પ્રયાસો કર્યા હતા. પુરાવા હોવા છતાં અવગણના કરી હતી. તેમના મુજબ આ બાબતના પુરાવા હતા ક્વાત્રોચીએ લાંચ લીધી હતી પરંતુ ભારત સરકાર એમ કહેતી રહી હતી કે બોફોર્સ કૌભાંડ સાથે તેમના કોઈ સંબંધ નથી. સ્વીડન અને સ્વિત્ઝરલેન્ડમાં કોઈને પણ ક્વાત્રોચીની પૂછપરછ કરવાની મંજૂર અપાઈ ન હતી. તેમના જણાવ્યા મુજબ બોફોર્સના તત્કાલીન કારોબારી અધિકારી માર્ટિન આઈબોએ પોતાની નોંધમાં લખ્યું હતું કે રાજીવ ગાંધી સાથે નજીકના સંબંધોના કારણે ક્વાત્રોચીની ઓળખને કોઈપણ હાલતમાં જાહેર કરી શકાય નહીં. ભારતમાં આની તપાસ કરનાર સીબીઆઈએ ક્વાત્રોચીની સામે કોઈ પુરાવા નહીં હોવાના કારણે કોર્ટ સમક્ષ તેમની સામે ચાલી રહેલી કાર્યવાહીને બંધ કરવા અપીલ કરી હતી. દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈની અપીલને સ્વીકાર કરીને ક્વાત્રોચીની સામે કાર્યવાહી ઉપર પ્રતિબંધ મૂકી દીધો હતો અને તેમના બેંક ખાતા ઉપર મૂકવામાં આવેલા પ્રતિબંધને ઉઠાવી લીધો હતો. તેમણા જણાવ્યા મુજબ આ સોદાબાજીમાં નાણાંની ચૂકવણી કરવામાં આવી હતી તે રાજકીય ચૂકવણી તરીકેની હતી. અમિતાભ બચ્ચનનું નામ ઉમેરવા તેમના ઉપર દબાણ હતું. તેમના જણાવ્યા મુજબ ભારતના અધિકારી તેમના ઉપર વિશ્વાસ કરી રહ્યા ન હતા. લિંડસ્ટ્રોમે એવો ધડાકો પણ કર્યો છે કે ભારતના કોઈપણ અધિકારીએ બોફોર્સ તોપ સોદાબાજીમાં તપાસ કરનાર સ્વીડનના અધિકારીઓનો સંપર્ક કર્યો ન હતો. ૧૯૮૬માં ભારતે સ્વીડન પાસેથી ૪૦૦ બોફોર્સ તોપ ખરીદવા માટે સોદાબાજી કરી હતી જેની કિંમત આશરે એક અબજ ૩૦ કરોડ ડૉલર હતી. મોડેથી એક અગ્રણી અંગ્રેજી અખબારે પોતાના અહેવાલમાં કહ્યું હતું કે આ તોપ સોદાબાજીમાં ૬૪ કરોડ રૂપિયાની લાંચ આપવામાં આવી હતી. આ બોફોર્સ તોપ સોદાબાજીમાં રાજકીય ભૂકંપ આવ્યો હતો અને ૧૯૮૯માં રાજીવ ગાંધીની કોંગ્રેસ પાર્ટી લોકસભાની ચૂંટણીમાં ખરાબ રીતે હારી ગઈ હતી.

## મમતા બાદ એનસીપી પણ હવે યુપીએ સાથે સંઘર્ષમાં

નવી દિલ્હી,તા. ૨૫

તૃણમૂળ કોંગ્રેસની જુદી જુદી માંગણીને લઈને યુપીએ સરકાર પહેલાથી જ મુશ્કેલીમાં છે ત્યારે હવે વધુ એક સાથી પક્ષ એનસીપીએ સરકાર સાથે સંઘર્ષમાં ઉતરવાની તૈયારી કરી લીધી છે. તૃણમૂળ કોંગ્રેસ, ભાજપ, ડાબોરીઓ ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવાના મામલે ભારે વિરોધ કરવા કરવા તૈયારી કરી લીધી છે. શરદ પવારના નેતૃત્વમાં પાર્ટી નિકાસ પરથી પ્રતિબંધને દુર કરવાની માંગણી પણ કરી રહી છે. ડિઝલની કિંમતને અંકુશમુક્ત કરવાના મામલે એનસીપી આગામી મહિને દિલ્હીમાં એક વિશાળ રેલી યોજનાર છે. એનસીપી કૃષિ કોમોડિટીના લઘુત્તમ સમર્તન મુલ્યને વધારવાની માંગ પણ કરે છે. લંબાવવામાં આવેલી કારોબારીની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા પ્રવકતા ડીપી ત્રિપાઠીએ કહ્યું હતું કે એનસીપી દિલ્હીમાં જંતરમંતર ખાતે ૧૬મી મેના દિવસે વિશાળ રેલી યોજસે. દેશભરમાંથી ખેંડુતોને અહીં એકત્રિત કરવાના પ્રયાસો કરવામાં આવશે. ત્રિપાઠીએ કહ્યું હતું કે એનસીપી કેટલાક મામલે ખુબ મકક્મ છે.

## પાકિસ્તાન દ્વારા હત્ફ-૪ મિસાઇલનું પરીક્ષણ થયું

ઈસ્લામાબાદ, તા. ૨૫

પાકિસ્તાને આજે સવારે ધારણા પ્રમાણે જ હત્ફ-૪ (શાહીન-૧એ)નું પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલ ૭૫૦ કિલોમીટર સુધીની રેન્જ ધરાવે છે. પરમાણુ હથીયારો લઈને ભારતના ઘણાં વિસ્તાર સુધી ત્રાટકવાની ક્ષમતા આ મિસાઈલ ધરાવે છે.

ભારતે થોડાક દિવસ પહેલાં જ પરમાણુ સક્ષમ મિસાઈલનું પરીક્ષણ કર્યા બાદ પાકિસ્તાને આજે સવારે મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ભારતે સમગ્ર પાકિસ્તાન, ચીનને આવરી લે તેવી ૫૦૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી અગ્નિ-૫ મિસાઈલનું પરીક્ષણ કર્યા બાદ પાકિસ્તાને આજે સવારે આ પરીક્ષણ કર્યું હતું. હાલમાં એવી ચર્ચા ચાલી રહી હતી કે પાકિસ્તાન કોઈપણ સમયે મિસાઈલ પરીક્ષણ કરશે. ભારતે સૌથી શક્તિશાળી ઈન્ટરકોન્ટીનેન્ટલ બેલાસ્ટીક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. ત્યારબાદથી પાકિસ્તાને મિસાઈલ પરીક્ષણ કરવાની તૈયારી શરૂ



કરી હતી. પાકિસ્તાને મિસાઈલ પરીક્ષણ પહેલાં ભારતને સૂચના પણ આપી દીધી હતી. પાકિસ્તાને કહ્યું હતું કે તે આગામી પાંચ દિવસમાં લાંબા અંતરની મિસાઈલનું પરીક્ષણ કરશે. પાકિસ્તાને ભારતને એમ પણ કહ્યું હતું કે તે પોતાની કોમર્શિયલ એરલાઈન્સને આ વિસ્તારની દુર રહેવાની સૂચના આપે. ભારતે ગયા સપ્તાહમાં અગ્નિ-૫નું સફળ પરીક્ષણ કર્યું હતું. આના પાંચ દિવસ બાદ જ પાકિસ્તાને મિસાઈલ પરીક્ષણ કરવાની વાત કરી હતી. પાકિસ્તાનના મિસાઈલ પરીક્ષણથી લાગી રહ્યું છે કે હથિયારો માટેની સ્પર્ધા ફરી વધી ગઈ છે. અગ્નિ-૫ મિસાઈલના પરીક્ષણ બાદ અમેરિકા સિવાય બાકીના તમામ દેશોએ નારાજગી વ્યક્ત કરી હતી. ભારતે આ મિસાઈલ પરીક્ષણ કરીને સાબિતી આપી હતી કે તે હવે આ ક્ષેત્રમાં પણ કુશળતા ધરાવે છે. ભારતની આ મિસાઈલથી અમેરિકા સિવાયના તમામ દેશ તેની હદમાં આવી ગયા હતા.